ગાંધીનગર સમાચાર
તા. ૨-૭-૨૦૧૩, સોમવાર

તંત્રી સ્થાનેથી.....

કુદરતી આફત ટાણે ટૂંકી નજરનું રાજકારણ?

ઉત્તરાખંડની ત્રાસદી હજારો પરિવારો માટે પેઢીઓની પેઢીઓ સુધી એક કરુણ સંભારણું બની ચૂકી છે. આ રીતે એક સામટા અસંખ્ય માણસોને કાં તો વિશ્વયુદ્ધમાં જીવ ગુમાવવો પડયો છે કાં તો ભૂતકાળમાં ફાટી નીકળેલા પ્લેગ કે કોલેરા જેવા રોગચાળામાં. અહીં માણસો ઉપરાંત આખેઆખી કેદાર ઘાટીનો સર્વનાશ થયો છે જેને ફરી પાટા ઉપર આવતાં કોણ જાણે કેટલાં વર્ષો લાગશે. પરંતુ આપણા દેશના નેતાઓથી તો ભગવાન બચાવે. આવી કરુણાંતિકા પર પણ એ લોકો એમની રાજકીય ખીચડી પકાવવાનું છોડતા નથી. ઉત્તરાખંડમાં કૉંગ્રેસની ચૂંટાયેલી સરકાર છે. બહુગુણા જરા ઢીલા મુખ્યમંત્રી જરૂર છે, પણ એમણે સરકારી તંત્રને દોડતું કરવામાં તો પળનોય વિલંબ નતી કર્યો. હવામાન ખાતાની આગાહી અને પૂર્વ ચેતવણી છતાં યાત્રાળુઓને તોફાનગ્રસ્ત પંથક તરફ અગ્રેસર થતા અટકાવી ન શકી એ સરકારની બેદરકારી જરૂર લેખાય, પરંતુ દેવભૂમિમાં યાત્રાળુઓની અવરજવર નિયંત્રિત કરવામાં રહેલાં જોખમ પણ ઘણાં મોટાં છે. વળી આવી મોટી આફત આવે ત્યારે પ્રાયોરિટી કયા વિસ્તારને અને કયા કામને આપવી તે સવાલ પણ રહેવાનો જ. બહુગુણા સરકારે ફસાયેલા લોકોને ઉગારી લેવાની બાબત પર પહેલાં ધ્યાન આપ્યું જે અન્ય કોઈપણ સરકારે આપ્યું હોત. પરંતુ એથી આખું તંત્ર એકલા કેદારનાથમાં કેન્દ્રિત થઈ જતાં સ્વાભાવિક રીતે જ અન્ય આફતગ્રસ્ત પ્રદેશોમાંથી તંત્ર વિરુદ્ધ બુમરાણ ઊઠી છે. વિપક્ષી નેતાઓ આવી લોકલાગણીને વટાવી ખાવાની તકની વાટ જ જોતા હોય છે. લોકસભામાં વિપક્ષનાં નેતા સુષમા સ્વરાજે કેન્દ્ર સરકારની ટીકા કરીને તરત જ બહુગુણા સરકારને બરતરફ કરવા સુધીની માગણી કરી દઈ પોત જ પ્રકાશ્યું છે. સુષમા પોતે હજી ઉત્તરાખંડની બેહાલીનું જાતનિરીક્ષણ પણ કરવા એમના વાતાનુકૂલિત ભવનમાંથી બહાર નથી નીકળ્યાં. એ જ રીતે રાજ્યસભાના વિપક્ષીનેતા અરુણ જેટલી હજી વિદેશ ભ્રમણનો આનંદ ઉઠાવી રહ્યા છે. લોકોનાં દુ:ખ દર્દ વહેંચવા અને એમનાં આંસુ લૂછવા જે કોઈ પહોંચે એનું સ્વાગત જ હોય. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સંનિષ્ઠ કાર્યકરો પહેલા જ દિવસથી ખડેપગે મૂક સેવા બજાવી રહ્યા છે. જે કામ કરે છે એને ટિવટર પર આવાં ગતકડાં કાઢી અસરગ્રસ્ત લોકોને માટે આંસુડાં પાડવાની જરૂર નથી રહેતી. ભારતીય જનતા પાર્ટીના નેતાઓને દિલ્હીમાં બેઠાં બેઠાં ઉત્તરાખંડના જનસમુદાયની સહાનુભૂતિ મેળવી લેવી છે, પણ લોકો તો બધું જ સમજતા હોય છે. કૉંગ્રેસ દ્વારા ઉત્તરાખંડ માટે મોકલાયેલી રાહત સામગ્રીના ટ્રકો રસ્તાના અભાવે હૃષીકેશમાં અટવાયા ત્યારે પણ ભાજપનાં મહિલા પ્રવક્તાએ દોટ ડહાપણ કર્યું હતું 'તમે ન વહેંચી શકતા હો તો એ સામગ્રી અમારા આરએસએસના સ્વયં સેવકોને સોંપી દો.' ભાજપના મુસ્લિમ ચહેરા તરીકે ઓળખાતા મુખ્તાર અબ્બાસ નકવી તો કૉંગ્રેસને જ દેશની સૌથી મોટી આફત ગણાવતા ફરે છે. એમને ઉત્તરાખંડની આફત કૉંગ્રેસ રૂપી આફતની સરખામણીમાં ઘણી નાની લાગે છે. દુખિયારી પ્રજાના ઘા પર મીઠું ભભરાવતાં આવા વાહિયાત વિદાનોથી ભાજપની આબરૂ વધવાની નથી. એ સાચું કે સરકાર અનેક મુદ્દે નાકામયાબ સાબિત થઈ છે, પરંતુ એ જ ભાજપને કચ્છની ત્રાસદીની ખબર હોવી જોઈએ. અમેરિકા જેવા દેશમાં પણ ત્રાસદીથી જનજીવન ઠપ્પ થઈ જતું હોય તો આ તો હિંદુસ્તાન છે- એમાંય પાછો પછાત પહાડી મુલક. આવા સમયે રાજકારણની ખીચડી પકાવવાને બદલે સરકારને મદદરૂપ થવા આગળ આવવું જોઈએ. પરંતુ ટૂંકી દૃષ્ટિના સત્તાલક્ષી રાજકારણના કૂંડાળામાં ફેરફુદરડી ફરતાં સુષમા સ્વરાજ જેવાં નેતા પાસે એવી અપેક્ષા રાખવી વધારે પડતી જ ગણાશે.

દહેગામ ખાતે સહયોગ સ્કુલમાં ક્વીઝ સ્પર્ધા યોજાઈ

દહેગામ, તા.૧

દહેગામ ખાતે આવેલ સહયોગ સ્કુલમાં ગુજરાતી માધ્યમના ધોરણ ૧ થી ૮ સુધીના વિદ્યાર્થીઓની પસંદગી કરી કુલ ચાર ટીમો બનાવી દરેક ટીમમાં અલગ અલગ ધોરણના ચાર ચાર વિદ્યાર્થીઓની પસંદગી કરી કુલ છ રાઉન્ડમાં સ્પર્ધા યોજાઈ હતી. દરેક ટીમના વિદ્યાર્થીઓ દ્વારા ખુબ જ સરસ પરફોર્મન્સ કરવામાં આવ્યું હતું. જેમાં ચૌધરી વૃંદ-ધોરણ-૭, જાની હેલી ધોરણ-૬, ઠાકોર જયશ્રી ધોરણ-૫, પરમાર હર્ષ ધોરણ-૪, આ ટીમના વિદ્યાર્થીઓ દ્વારા ખુબ જ સરસ પરફોર્મન્સ આપતા વિજયી બન્યા હતાં.

સહયોગ વિદ્યાલય દ્વારા સમયાંતરે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અવાર નવાર સ્પર્ધાઓનું આયોજન થતું રહે છે.

બ્રહ્મ સમાજ તેજસ્વી તારલાઓને સન્માનશે

ગાંધીનગર, તા.૧

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા બ્રહ્મ સમાજના તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાશે. જે અંતર્ગત તેજસ્વી વિદ્યાર્થીઓને પોતાની વિગતો ૧૫મી જુલાઈ સુધી પહોંચાડવા પ્રમુખ પિનાકીન રાવલે જણાવ્યું છે.

તેજસ્વી તારલાઓના ઈનામ વિતરણ કાર્યક્રમ અંતર્ગત ધોરણ ૧ થી ૮ના ૮૦ ટકા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓએ, ધોરણ-૯ થી ૧૨ના ૭૦ ટકા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓએ તથા કોલેજ, ડીગ્રી, ડિપ્લોમામાં ૬૦ ટકા કે તેથી ઉપરના ટકા મેળવનાર વિદ્યાર્થીઓએ બ્રહ્મભવન સેકટર-૧૬, ગાંધીનગર ખાતેથી સવારે ૧૦.૩૦થી ૧ વાગ્યા દરમિયાન અને બપોરે ૩ થી ૬.૩૦ વાગ્યા સુધીમાં ફોર્મ મેળવી લેવા અને ૧૫મી જુલાઈ ૨૦૧૩ સુધીમાં જમા કરવાના રહેશે. જેની દરેક વિદ્યાર્થી, વાલીએ નોંધ લેવી.

સ્વીડનમાં યોજાનાર હેન્ડબોલ સ્પર્ધામાં કૃતિકા ધુમલની પસંદગી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરની હેન્ડબોલ પ્લેયર કુ. કૃતિકા ધુમલની ગુજેનલર્ગ, સ્વીડન ખાતે તા. ૧ થી ૭ જુલાઈ દરમિયાન યોજાનાર આંતરરાષ્ટ્રીય હેન્ડબોલ સ્પર્ધા વર્ટાઈલ કપ માટે પસંદગી પામ્યા છે.

ગયા મહિને જ જયદીપસીંગ એવોર્ડથી નવાજીત કુ. કૃતિકા ધુમલને નવાજીત કરવામાં આવ્યા છે. હાલમાં તેઓ શંકરસિંહ બાપુ કોલેજ ઓફ ટેકનોલોજી, વાસન ખાતે કોમ્પ્યુટર એન્જીનિયરીંગનો અભ્યાસ કરી રહ્યા છે. તેમની આ તમામ સિધ્ધિનો યશ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના ડાયરેકટર શ્રી શ્યામસુંદર, સાઈ સ્ટાફ અને ગુજરાત હેન્ડબોલ એસોસીએશનના સેક્રેટરી શ્રી આર.ડી. ચંદ્રને જાય છે.

જેસીઆઈની મહિલા પાંખે વાનગીઓનો રસથાળ સર્જયો

ગાંધીનગરમં જે.સી.આઈ.ની મહિલા પાંખ દ્વારા તાજેતરમાં વાનગીઓનો રસથાળ નામથી કુકરી શોનું સુંદર આયોજન થઈ ગયું. કુકરી શો અંતર્ગત યોજાયેલા વાનગીઓના રસથાળમાં જેસી.આર.ટી. પાંખની તથા અન્ય બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો આ શો દરમિયાન બહેનોએ અલગ અલગ ૨૦ પ્રકારની વાનગીઓનું નિદર્શન કર્યું હતું. 'વાનગીઓનો રસથાળ' કાર્યક્રમને સફળ બનાવા જેસીઆરટી ચેરપર્સન ભૂમિકા નિર્મલ રોહિણી દેસાઈ, ફાલ્ગુની ગાંધી, ફાલ્ગુની ભાવસાર, જયોતિ દેવાણી, રંજન દવે અને ઉષાબેન સહિત સૌ એ જરુરી સહકાર આપ્યો હતો.

સીબીએસઈનાં વિદ્યાર્થીઓને સેમ્પલ પેપર્સ મળશે નહીં

પરિણામમાં સતત વધારાથી બોર્ડ મુંઝવણમાં

અમદાવાદ, તા.૦૧

સીબીએસઈની ધોરણ-૧૨ની પરીક્ષામાં વિદ્યાર્થીઓના પરીણામમાં સતત વધારાથી બોર્ડે મુઝવણમાં મુકાઈ ગયું છે. જેથી સીબીએસઈની ગર્વનિંગ બોર્ડે વિદ્યાર્થીઓના પેપર પેટર્ન આઈડિયા આપનાર ૨૦ વર્ષ જુના સેમ્પલ પેપર પબ્લિકેશનને બંધ કરવાનો નિર્ણય કર્યો છે. જેનાથી ચાલુ વર્ષથી હવે સીબીએસઈના વિદ્યાર્થીઓને એડવાન્સ સેમ્પલ પેપર્સ મળશે નહીં.પ્રાપ્ત થતી માહિતી મુજબ સીબીએસઈની ગર્વનીંગ બોર્ડે ૨૦ વર્ષ જુના સેમ્પલ પેપર પબ્લિકેશનને બંધ કરવાનો નિર્ણય કર્યો છે જેના કારણે હવેથી વિદ્યાર્થીઓને પરીક્ષા પહેલા સેમ્પલ પેપર નહીં મળે. સીબીએસઈના આ નિર્ણયને શાળા સંચાલકો અને વિદ્યાર્થીઓ તરફથી પ્રતિસાદ મળી રહ્યો છે. કેટલાક આચાર્યોના મતે સીબીએસઈ બોર્ડનો આ નિર્ણય બિલકુલ ગેરવ્યાજબી છે. છેલ્લા કેટલાક વર્ષમાં ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષાનું પરીણામ વધ્યું છે. તે વાત સાચી છે પરંતુ આ પરીણામ સેમ્પલ પેપર્સના કારણે નથી વધ્યું આ પરીણામ વિદ્યાર્થીઓ અને શાળાની મહેનતના કારણે વધ્યું છે. એક તરફ સીબીએસઈ પરીક્ષા પદ્ધતિને સરળ બનાવવા માટે પ્રયત્નો કરે છે ત્યારે બીજી તરફ આવા નિર્ણયો કરીને વિદ્યાર્થીઓ માટે પરીક્ષાને વધુ મુશ્કેલ બનાવી રહી છે. જ્યારે બીજી મત મુજબ સીબીએસઈ વિદ્યાર્થીઓમાં સિલેક્ટિવ સ્ટડીને પ્રોત્સાહન મળે તેવું ઈચ્છતી નથી. વિદ્યાર્થીઓની તમામ ક્ષમતાઓની ચકાસણી ત્યારે જ થઈ શકે જ્યારે તે સમગ્ર અભ્યાસક્રમનો ઉડાણપૂર્વક અભ્યાસ કરે. તેનાથી વિદ્યાર્થીઓનો વિષયનો કંસેપ્ટ પણ કલીયર થશે. ઉલ્લેખનીય છે કે સીબીએસઈ શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે પરીક્ષા પદ્ધતિઓમાં પરિવર્તન કરી રહી છે. નવી પદ્ધતિ મુજબ વિદ્યાર્થીઓની યાદશક્તિની ચકાસણી કરતા તે વિષયે કેટલો સમજ્યા છે તેની કસોટી વધારે થશે. જેનાથી લાંબાગાળે વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા કેળવી શકાય છે. જેના ભાગરૂપે સીબીએસઈએ સેમ્પલ પેપર્સ પબ્લિકેશન બંધ કરવાનો નિર્ણય કર્યો છે.

શિક્ષણ બોર્ડ ચૂંટણી માટેના મતદાન મથકોની જાહેરાત

અમદાવાદ, તા.૦૧

૨૦મી જુલાઈએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણી યોજાવાની છે. જેના માટે આજે મતદાન મથકોની જાહેરાત કરવામાં આવી છે જે મુજબ અમદાવાદ શહેરના ૮ અને ગ્રામ્યના ચાર કુલ રાજ્યના ૮૭ બુથો ઉપર મતદાન યોજાશે. શિક્ષણ બોર્ડની ચૂંટણી આગામી ૨૦ જુલાઈએ યોજાવાની છે. જેની મતગણતરી ૨૩ જુલાઈના રોજ હાથ ધરવામાં આવશે. જેના ભાગરૂપે ગાંધીનગર ખાતે રાજ્યના જિલ્લા શિક્ષણ અધિકારીઓની એક બેઠક મળી હતી જેની ચર્ચાના આધારે આજે શિક્ષણ બોર્ડ દ્વારા ચૂંટણી માટેના મતદાન મથકોની જાહેરાત કરવામાં આવી હતી.

પ્રેરણા વિદ્યાલય, સેક્ટર-૫ ખાતે પ્રવેશોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં પ્રવેશ લઈ રહેલાં ભૂલકાઓને જોકર ટોપી પહેરાવી, કુમકુમ તિલક કરી, તેમનું મોં મીઠું કરાવીને તેમની જ્ઞાન કારકિર્દીનો આરંભ કરાવવામાં આવ્યો હતો. (તસવીર : દિપક જાની)

પોસ્ટ વિભાગે ગ્રાહકોની ફરિયાદ નિવારવા કન્ટ્રોલ રૂમ શરૂ કર્યો

નાગરિકોની ફરિયાદ માટે ફોન અને બુકની વ્યવસ્થા

ગાંધીનગર, તા.૧

પોસ્ટ વિભાગની કોઈ ફરિયાદ કે સૂચનો હશે તો હવે ત્વરિત તેનું નિરાકરણ આવશે. પોસ્ટ વિભાગ દ્વારા આમ નાગરિકો માટે વિશેષ હેલ્પ લાઈન શરૂ કરવામાં આવી છે. પોસ્ટના ગ્રાહકો હવે ફોન મારફતે કસ્ટમર્સ કેરમાં સીધી ફરિયાદ કરી શકશે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાવ્યા અનુસાર થોડા સમય અગાઉ જ પોસ્ટ ઓફીસના સિનિયર સુપ્રિન્ટેન્ડન્ટ એમ.આર. વખારીયા દ્વારા ત્રિમાસિક ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં શહેર વસાહત મહામંડળ દ્વારા પોસ્ટના ગ્રાહકોની ફરિયાદો નિવારવા હેલ્પલાઈન શરૂ કરવા સૂચન કરવામાં આવ્યું હતું. જેના અનુસંધાને પોસ્ટ વિભાગ દ્વારા નાગરિકોની ફરિયાદો અને સૂચનો માટે કસ્ટર્મસ કેર કન્ટ્રોલરૂમ શરુ કરી દેવાયો છે. જે અન્વયે પોસ્ટના ગ્રાહકો હવે ફોન નં. ૨૩૨૪૮૯૬૭ પર સંપર્ક કરી ફરિયાદ કરી શકશે. આ ઉપરાંત મહામંડળના સુધીર દેસાઈ, સી.ડી. ધનેશ્વર તેમજ કિશોર જીકાદરાએ ટપાલની ડીલીવરી તેમજ છાપેલી બુકપોસ્ટ ટપાલોમાં થતા વિલંબ નિવારવા પણ વિભાગને રજુઆત કરી હતી.

આ મામલે ડીલીવરી પોસ્ટ કચેરીનું પુનઃ સર્વે કરી મોટા સેકટરોમાં જ ડીલીવરી પોષ્ટ કચેરી શરુ કરવા પણ વિભાગે હૈયા ધારણા આપી હતી. ગ્રાહકોને અનુલક્ષી પોષ્ટ ઓફીસમાં ફરિયાદ બુકની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

ફીમાં ઘટાડો કરી સમાધાન

અમદાવાદ, તા.૦૧

અમદાવાદના મેમનગર વિસ્તારમાં આવેલી એચ.બી. કાપડીયા સ્કુલમાં ફી વધારાના વિરોધમાં છેલ્લા એક સપ્તાહથી ચાલી રહેલા વાલીઓના આંદોલનનો અકાળે અંત આવ્યો છે. આજે શાળાના સંચાલકો, વાલીઓ અને ડીપીઓની યોજાયેલ બેઠકમાં શાળાના સંચાલકોએ ફીમાં રૂા. ૧૩૫૦નો ઘટાડો કરી સમાધાનકારી વલણ અપનાવ્યું હતું. જેની સામે સંપૂર્ણ ફી વધારો પાછો ખેચવાની માંગ કરી રહેલ વાલીઓએ શરણાગતિ સ્વીકારી લેતા આંદોલનનો અકાળે અંત આવ્યો હતો. અમદાવાદના મેમનગર વિસ્તારમાં આવેલ એચ.બી. કાપડીયા સ્કુલમાં ધોરણ ૧ થી ૧૨ની ફીમાં રૂપિયા ૨૦૧૦નો વધારો ઝીંકી દેવામાં આવ્યો હતો. આ ફી વધારાથી ઉશ્કેરાયેલા વાલીઓ શાળાના આચાર્યને આવેદનપત્ર આપી ફી વધારો પાછો ખેચવા માંગ કરાઈ હતી. સંપૂર્ણ ફી વધારો પાછો ખેચવાની માંગ સાથે વાલીઓ છેલ્લા એક સપ્તાહથી આંદોલન ચલાવી રહ્યા હતા. આ દરમિયાન શાળાના સંચાલકો દ્વારા વિરોધ કરી રહેલા વાલીઓ ઉપર પોલીસ વડે લાઠીચાર્જ કરાવવામાં આવ્યો હતો. જેનાથી રોષે ભરાયેલા વાલીઓએ સોમવાર સુધી શાળામાં હડતાલની જાહેરાત કરી હતી. જોકે આજે શાળાના સંચાલકો, વાલીઓ અને ડીપીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. જેમાં ડીપીઓની મધ્યસ્થિતિ શાળાના સંચાલકોએ સમાધાનકારી વલણ અપનાવતા ફી વધારામાં રૂપિયા ૧૩૫૦નો ઘટાડો કરવામાં આવ્યો હતો.

ફી વધારો શાળામાં અભ્યાસ કરનારા તમામ વર્ગને પોષાય તેવો હોવો જોઇએ

ફી વધારાના મુદ્દે કાયમ હોબાળો - કેમ્પસ

- ધ્વનિલ પારેખ

શાળા કે કોલેજનું નવું સત્ર શરૂ થાય એટલે બે બાબતે હોબાળો પણ શરૂ થઇ જાય છે. એક સ્કુલ ફીમાં વધારો અને બીજું, પાઠ્યપુસ્તકની કિંમતમાં વધારો. પાઠ્યપુસ્તક બાબતે બીજો હોબાળો એ પણ થાય છે કે, સત્ર શરૂ થઇ જાય, અભ્યાસ નિયમિત થઇ જાય તો પણ પાઠ્યપુસ્તક ઉપલબ્ધ હોતાં નથી. પણ આજે અહીં ફી વધારાના મુદ્દે ચર્ચા કરવી છે. અમદાવાદની એચ.બી.કાપડીયા શાળામાં અત્યારે ફી વધારા મુદ્દે હોબાળો ગાજી રહ્યો છે. શાળા મેનેજમેન્ટ અને વાલીમંડળ આમને-સામને આવી ગયા છે અને છાપામાંથી મળતા અહેવાલો મુજબ પરિસ્થિતિ દિવસે ને દિવસે વધારે વણસી રહી છે.

નવું સત્ર શરૂ થાય ત્યારે શાળા ફી વધારો કરે એ સ્વાભાવિક છે. મોંઘવારી બધાં જ ક્ષેત્રોમાં ઘર કરી ગઇ છે એટલે દરેક મેનેજમેન્ટ શાળા ચલાવવા માટે અને થતાં ખર્ચને પહોંચી વળવા માટે જરૂરી ફી વધારો કરે છે. વળી, મોટો ખર્ચ શિક્ષકોના પગારનાં હોય છે. આ બધાં ખર્ચને ધ્યાનમાં રાખીને જે તે શાળાનું મેનેજમેન્ટ ફી વધારો કરે છે પણ મુદ્દો એ છે કે કેટલા ટકા ફી વધારો માન્ય રાખવો. એ માટે નો કોઇ નિયમ ખરો કે નહીં? જો શાળા આડેધડ ફી વધારો કરે તો જાગૃત વાલીમંડળ એની સામે અવાજ ઉઠાવે કે નહીં? આવા પ્રશ્નો અત્યારે એચ.બી. કાપડીયા શાળા મુદ્દે ઊઠી રહ્યા છે.

મોટા ભાગના શિક્ષણ શાસ્ત્રીઓનો મત એવો છે, કે જેને શાળા પોતાનો થનાર ખર્ચને પહોંચી વળવા માટે ફી વધારો કરે એ જરૂરી છે પણ એ ફી વધારો ૧૦ ટકાથી વધુ ન હોવો જોઇએ. એચ.બી.કાપડીયા શાળાના મેનેજમેન્ટ ૧૭ ટકા ફી વધારો કર્યો છે અને એને પરિણામે હોબાળો થઇ રહ્યો છે. શાળા મેનેજમેન્ટ એવી દલીલ કરે છે કે, વાલીમંડળને વિશ્વાસમાં લઇને આ વધારો કરાયો છે, જે બાબતે વાલીમંડળ ઇન્કાર કરે છે. અત્યારે તો સામસામે આક્ષેપો થઇ રહ્યાં છે. આ આક્ષેપબાજીમાં મૂળ વાત શિક્ષણ હાંસિયામાં ધકેલાઇ ગયું છે.

શિક્ષણશાસ્ત્રીઓનાં મત સાથે સંમત થવા જવું છે. ફી વધારો શાળામાં અભ્યાસ કરનારા તમામ વર્ગને પોષાય તેવો હોવો જોઇએ. કોઇ એક શાળામાં માલેતુજાર વર્ગથી લઇને અતિ મધ્યમ વર્ગ કે ગરીબ વર્ગનો વિદ્યાર્થી પણ અભ્યાસ કરતો હોય છે. આ ફી વધારો એ તમામ વર્ગને ધ્યાનમાં રાખીને કરવો જોઇએ. જો કે ગરીબ વર્ગ માટે તો દશ ટકા ફી વધારો પણ અસહ્ય હોય છે છતાં ક્યાંતથી એની ગોઠવણ કરતો હોય છે. એટલે, દસ ટકા ફી વધારો હોય તો વાલીમંડલને વાંધો નથી પણ વાંધો સત્તર ટકા સામે છે. બીજો એક મુદ્દો એમ પણ છે કે, સ્માર્ટ કાર્ડના નામે ૧૨૦૦ રૂપિયાની ઉઘરાણી ગત વર્ષે થઇ ગઇ છે છતાં ફરી સ્માર્ટ કાર્ડનું ભૂત ધુણવા લાગ્યું છે. જો આ વિગત સાચી હોય તો આ ભૂત લાંબા સમય સુધી શાળાને હેરાન કરી શકે એમ છે.

છાપામાંથી મળતી વિગતો મુજબ શાળા મેનેજમેન્ટ જે એક દલીલ કરી છે, જો એ સાચી હોય તો વાહિયાત છે. ફી વધારો ન પોષાતો હોય તો બે બાળકોનું શું કામ જણો છો? આવી દલીલ સામે વાલીમંડળનો આક્રોશ સ્વાભાવિક હોવાનો. આવા આક્રોશને ડામી દેવા માટે મેનેજમેન્ટ અવનવા રસ્તા અખત્યાર કરતી હોય છે. વાલીમંડળને કથિત ધમકીઓ આપવામાં આવે છે કે, ફી વધારા સામે છેડાયેલું આંદોલન જો સમેટી લેવામાં ન આવે તો જે તે બાળકને એલ.સી. પકડાવી દેવામાં આવશે અથવા ઇન્ટરનલ ગુણ શૂન્ય આપવામાં આવશે. આ ઇન્ટરનલ ગુણ વળી એક પેચીદો મામલો છે, જેની ચર્ચા ભવિષ્યમાં કરીશું.

શાળા તોતિંગ ફી વધારો કરે તો મધ્યમ વર્ગનો વાલી વધુ મૂંઝારો અનુભવવાનો. મધ્યમ વર્ગની આવક સામે સતત એવું કહેવામાં આવે છે કે, તમારો પગાર તો વધતો જ રહે છે! પણ એની સામે છાસવારે, દૂધ, પેટ્રોલ, શાકભાજી અને અન્ય જરૂરી ચીજવસ્તુઓના ભાવો પણ સતત વધતા રહે છે. સૌ જાણે છે કે, શિક્ષણ પણ દિવસેને દિવસે વધુ મોંઘુ થતું જાય છે. એટલે પગાર તો વર્ષમાં એક જ વાર વધે છે પણ એની સામે આ બધી બાબતોમાં સતત ભાવવધારો થતો રહે છે. એની મધ્યમવર્ગ સતત ભીંસ અનુભવતો રહે છે. એ પગારવધારાનો આનંદ ઉઠાવે એ પહેલાં એની સવારની ચાહ અને બે વખતનું ભોજન મોંઘુ થઇ ચૂક્યું હોય છે. એમાં, બાકી હોય એમ શાળા ફી વધારો કરે છે. તમામ પ્રકારની મોંઘવારી સામે શાળા ફી વધારો કરે એની સામે વાંધો જ નથી પણ એ ફી વધારો શાળા જે ને આધારે ચાલે છે એ વિદ્યાર્થી અને એના વાલીને ગળે ઊતરે, એમને પોષાય એવો હોવો જોઇએ.